

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

થાકી ગયો ચેપ રસીની ખ્યાતિ ફેલાય છે,
વિશ્વમાં ચોમેર સેવાનો રસ રેલાય છે
ભારત કોરોના સામે બન્યું વિશ્વની ઢાલ
પંચશીલ - સિદ્ધાંતો હેતની હોળી ખેલાય છે
(ભારતનો અશ્વમેધ યજ્ઞ)

હાઈકુ

કરે છે સેવા -
વિશ્વ ડૉકટર બની -
દયાનો દેવ!
(ભારતનો પરમાર્થ)

યાચના ભરી -
છે વિશ્વની નજર -
આપો નજર...
(જો, જો લાગે ન મીઠી નજર)

### ચિંતન

**ધરમ ન દૂસર સત્ય સમાન, આગમન નિગમ પુરાન બખાના ।**
**મૈં સોઈ ધરમ સુલભ કરિ પાવા, તજે તિહૂં પુર અપજસુ છાવા ।**

ઉપરોક્ત સાખી અયોધ્યા કાંડમાંથી લેવામાં આવેલ છે.

ધર્મ સમાન બીજું સત્ય નથી, આ વાત વેદ પુરાણોમાં કહી છે.

મેં (શ્રીરામે) તે ધર્મને આસાનીથી મેળવી લીધો છે. આ સત્યરુપી ધર્મનો ત્યાગ કરવાથી ત્રણેય લોકમાં અપયશ છવાઈ જશે. શ્રીરામ પોતાના જીવનમાં પગલે પગલે સત્યનું દૃઢતાથી પાલન કરે છે. મહાત્મા ગાંધી પણ સત્યવ્રતી હતા. તેમણે દેશવિદેશમાં સત્યનું દૃઢતાથી પાલન કરયું. તે સત્યના અનુસંધાન કર્તા હતા. તે ઘટના તેમના સત્ય આગ્રહના ઉદાહરણ છે. સત્યને છોડવાથી અપયશ થાય છે. અને અપયશ જીવતેજીવ મૃત્યુ સમાન છે. હાલના યુગમાં મનુષ્ય અસત્યના માર્ગે ચાલી અધર્મી થઈ રહ્યો છે. તેના નૈતિક મૂલ્યોનું તેજીથી પતન થઈ રહ્યું છે. આમ કરીને તેને આત્મગ્લાનિ પણ નથી થતી. તેને લોક-પરલોકની કોઈ ચિંતા નથી. શ્રીરામ યુદ્ધમાં અધર્મનાં માર્ગ પર ચાલવાવાળાનો વધ કરે છે. અને ધર્મરાજયની સ્થાપના કરે છે. તે ધર્મયુદ્ધ લડવામાં વિશ્વાસ કરે છે.

### સુવિચાર

- અહંકાર રૂપી વાદળાં બેસી જશે તો ચૈતન્યરૂપી સૂર્યનાં દર્શન થશે - **યોગવશિષ્ઠ**
- સવાલો કદી મરતા નથી, જવાબો કોઈને ગમતા નથી,
  ખુશીથી જીવી લો જીવન, આંસુ તો આંખ પણ સંઘરતી નથી - **જીવન પાથેય**
- ભગવાન કૃષ્ણ જેના મામા અને અર્જુન જેના પિતા છે તે અભિમન્યુ પણ મૃત્યુ પામ્યો,
  ખરેખર કાળ કોઈને છોડતો નથી - **વેદવ્યાસ**
- ખ્વાહિશોં ને હીં ભટકાયે હૈ, જિંદગી કે રાસ્તે,
  વર્ના રુહ તો ઉતરીથી જમીન પે, મંઝિલ કા પતા લે કર **-ધારા બિશ્નોઈ**
- હું મંદિરમાં આવ્યો અને દ્વાર બોલ્યું, ભક્ત...!!
  પગરખાં નહીં બણ અભરખા ઉતારો - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વર પોતાનું રસ્ય કાયરોને નથી જણાવો - **એમર્સન**
- આજનું ઔષધ : અખરોટનું તેલનું માલિશ કરવાથી સાધારણ લકવામાં સુધારો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આંદામાન નિકોબારના ટાપુઓ ૧૯૪૭ કરતાં પહેલાં સ્વતંત્ર થઈ ગયા હતા. આ ઘટનામાં સુભાષચંદ્ર બોઝનો મહત્વપૂર્ણ ફાળો છે. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ થતાં નેતાજી સિંગાપોર ગયા હતા, ત્યાં રહેતા ભારતીયોને એમને વચન આપ્યું હતું કે ૧૯૪૩ સુધીમાં તેઓ ભારતને સ્વતંત્રતા અપાવી દેશે. આ દરમિયાન જાપાનના નૌકા સૈન્યે આંદામાન નિકોબાર પર પોતાનો કબજો જમાવી દીધો હતો, કેમ કે અંગ્રેજ સૈનિકો ત્યાં લડ્યા વિના જ શરણે આવ્યા હતા. જાપાની સૈન્યે કબજો લેતા જ નેતાજીએ સેલ્યુલર જેલમાં બંધ સૌ કેદીઓને છોડાવ્યા અને અંગ્રેજ ઓફીસરોને પકડીને બર્મા મોકલી આપ્યા.

ત્યારબાદ નેતાજી અને તેમની આઝાદ હિંદ ફોજે જાપાનના શાસકોને ગળે ઉતારવામાં સફળ રહ્યા કે આંદામાન નિકોબાર ટાપુઓ ભારતના જ એક અભિન્ન અંગ છે. એટલે તેઓ આ ટાપુઓનું સંચાલન નેતાજીને સોંપી દે. આમ નેતાજીએ સિંગાપુરના ભારતીયોને આપેલું વચન ૩૦મી ડિસેમ્બર,૧૯૪૩ના દિવસે ત્યાં તિરંગો ફરકાવીને પાળેલું. આમ આ ટાપુઓ મલેશિયા, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા અને મ્યાનમાનરની નજીક હોવા છતાં આપણા ભારતનો અભિન્ન અંગ બની શક્યા.

# રાજયની રાજનીતિમાં ત્રીજું પરિબળ અશક્ય

**તંત્રીસ્થાનેથી...**

આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ એમના પક્ષનો દિલ્હી બહાર વિસ્તાર કરવા કૃતસંકલ્પ છે. દિલ્હીમાં પાર્ટીએ કરેલ લોકકલ્યાણનાં કામોનો હવાલો આપી તેઓ ગુજરાતમાં આમ આદમી પાર્ટીનું શિલારોપણ કરવાની મંશા ધરાવે છે. પોતે નગરપાલિકાઓની ચૂંટણઈમાં પ્રચાર કરવા નથી આવ્યા પણ એમના જમણા હાથ જેવા ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ અમદાવાદ અને રાજકોટની મુલાકાત લીધી છે, રેલી કાઢી અને પત્રકાર પરિષદ પણ સંબોધી છે. કેજરીવાલ દિલ્હી બેઠાં બેઠાં ગુજરાતી અખબારોમાં પેઈડ ઈન્ટરવ્યૂ છપાવે છે, જેમાં દિલ્હી સરકાર દ્વારા દિલ્હીની પ્રજાને ઉપલબ્ધ કરાવાયેલ પાયાની સેવાઓ વિશે માહિતી અપાય છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે દિલ્હી સરકારે નમૂનેદાર કામગીરી બજાવી છે એનો ઈનકાર થઈ શકે તેમ નથી, એ જ રીતે મફત વીજળી, મફત પાણી પુરવઠો વગેરે બાબતો કોઈ પણ નાગરિકને આકર્ષી શકે એવી છે. દિલ્હીમાં કોરોના સંકટ સમયે કેસોની સંખ્યા ઈમાનદારીપૂર્વક સાચેસાચી બતાવાતી હતી એવો સંકટકાળમાં પણ દરદીઓ માટે પૂરતા બેડ હતા અને અન્ય મોટા રાજયો જેવી હાલાકી દિલ્હીના દરદીઓને નહોતી વેઠવી પડી તે હકીકત છે. સુશાસનની ગુલબાંગો પોકારતી રહેતી ભારતીય જનતા પાર્ટી માટે ચૂંટણી જીતવા માટેના માપદંડોને નીતિમત્તા નડતી નથી. તે રામના નામે તરી જવાની તક ચૂકતી નથી અને એ માટે પ્રજાનાં ધર્મ-સંપ્રદાય તથા નાતજાતના નામે ઊભી અને આડીઅવળી તિરાડો સર્જતી રહે છે. આમ આદમી પાર્ટી હિંદુ-મુસ્લિમ કે સવર્ણ-અવર્ણના ભેદ કર્યા વગર ‘કામ’ કરવામાં માને છે. વિકાસનો મોદીમંત્ર બોદો સાબિત થયો છે ત્યારે કેજરીવાલે માળખાકીય સુવિધાઓ સહિત જનસાધારણની પાયાની જરૂરિયાતો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરી દિલ્હીમાં એમની વિશ્વસનીયતા અકબંધ રાખી છે. દિલ્હીના ઉપરાજયપાલ અને પોલીસ કમિશનર જેવા કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓએ કયારેય દિલ્હી સરકારને જંપીને બેસવા દીધી નથી. ખરાખોટા કેસો કરીને કાર્યકર્તાઓ તથા ધારાસભ્યોને હેરાન કરાયા છે. આમ છતાં દિલ્હીની પ્રજાના દિલમાંથી કેજરીવાલ કે આમ આદમી પાર્ટી તસુભાર ખસી નથી. પરંતુ એનો અર્થ એ હરગિજ ન કરી શકાય કે આમ આદમી પાર્ટી દેશ આખામાં ભાજપ કે કોંગ્રેસનો વિકલ્પ બની શકવાની ક્ષમતા ધરાવે છે. અત્યાર સુધીનો રેકોર્ડ તપાસતાં આમ આદમી પાર્ટીને દિલ્હીની સરહદો બહાર કોઈ નોંધપાત્ર સફળતા સાંપડેલ નથી. તાજેતરમાં પંજાબમાં નગરપાલિકાઓની ચૂંટણીમાં પણ ભાજપ અને અકાલીદળની જેમ ‘આપ’નો સફાયો થયો છે અને આ કોંગ્રેસી શાસન હેઠળના સરહદી રાજયમાં કોંગ્રેસનો જય જયકાર થયો છે. કેજરીવાલ કોંગ્રેસને હવે ભાજપની બી-ટીમ ગણાવતા થઈ ગયા છે.

કોંગ્રેસ ભાજપને જિતાડવા અને સત્તા પર ટકાવવામાં જ મદદરુપ થતી હોવાનો એમનો દાવો વારંવાર કોંગ્રેસી નેતાઓ અને ધારાસભ્યોના ભાજપ પ્રવેશ સંદર્ભે આંશિક રીતે સાચો પણ લાગે. છતાં કોંગ્રેસ એ ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે. એનાં મૂળિયાં ઘણાં ઊંડા છે. એ સાચું કે કોંગ્રેસમાં નેતૃત્વની કટોકટી (ક્રાઈસીસ) સરજાઈ છે. પરંતુ આમ આદમી પાર્ટીને પ્રજા ભાજપના વિકલ્પ તરીકે સ્વીકારવા કોંગ્રેસને કોરાણે મૂકી દેશે એવી અપેક્ષા વધારે પડતી જ લેખાશે. કોંગ્રેસમાં જૂથવાદનું કમઠાણ છે, ભ્રષ્ટાચાર છે, નેતાઓની ગોલાલડાઈ ચાલતી રહે છે - છતાં પ્રજા પાસે ભાજપ સામે ટક્કર આપે એવી પાર્ટી તો કોંગ્રેસ જ છે. આમ આદમી પાર્ટીએ અગાઉ પણ ગુજરાતમાં સંગઠન ઊભું કરવા પ્રયાસ કર્યો હતો. સુખદેવ પટેલ અને ડૉ. કનુભાઈ કળસરિયા જેવા કર્મશીલોનો સહયોગ મળ્યાં છતાં એનું સંગઠન જામ્યું નહોતું. વર્તમાન પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા પાટીદાર સમાજના ચળવળિયા યુવાન છે. કાળક્રમે પાટીદાર આંદોલન પણ ઠંડુ પડી ગયું છે. નરેશ પટેલ જેવા સમાજમાન્ય અગ્રણી ખોડલધામ અને ઉમિયા મંદિર વચ્ચે સેતુ બનવા પ્રયાસ કરી કારકુનથી માંડી કલેકટર સુધી પાટીદારોની સાંકળ રચવા કૃતસંકલ્પ છે. પરંતુ ભાજપ પાસે વ્યાપક હિંદુત્વ કાર્ડ છે અને નરેન્દ્ર મોદી તથા અમિત શાહનું કસાયેલું તથા સ્વીકૃત નેતૃત્વ છે. એની સામે આમ આદમી પાર્ટીનું ધર્મનિરપેક્ષ વિકાસ અને દિલ્હી મોડેલ કેટલું ટકી શકશે તે પ્રશ્ન છે. ગુજરાતમાં ત્રીજા રાજકીય પરિબળ બનવાના પ્રયાસો અગાઉ પણ થતા રહ્યા છે. રતુભાઈ અદાણી, શંકરસિંહ વાઘેલા, અને શરદ પવાર કે કેશુભાઈ પટેલની પાર્ટીઓ દ્વારા થયેલ આવા ઉધામા સદંતર નિષ્ફળ રહ્યા છે. આ વખતે ઓવૈસી અને છોટુભાઈ વસાવાનાં સંગઠનો પણ મેદાન છે. ઈતિહાસ કહે છે કે ગુજરાતની તાસીર છે કે એણે ત્રીજા પરિબળનો કયારેય પુરસ્કાર કર્યો નથી.

# મેલેરીયા, ડેન્ગ્યુ, ટાઈફોઈડ, કમળો, વાયરલ ફિવર શું એ બધા રોગ મરી ગયા છે?



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર

આજે ડાહ્યાલાલ સૌથી પહેલાં જ આવી ગયા હતા. ગાંડાલાલ, વિપુલ અને નિલેષ બધા એક સાથે આવ્યા. આજે બધા સારા મૂડમાં હતા. ખાલી ડાહ્યાલાલ જ થોડી ચિંતામાં દેખાતા હતા. ગાંડાલાલથી રહેવાયું નહીં એમને ડાહ્યાલાલને સીધો પ્રશ્ન પૂછ્યો.... કેમ ડાહ્યાભાઈ આજે તમારા ચહેરા પર કોઈ તકલીફ આવવાની હોય એવા એંધાણ દેખાય છે.

- અત્યારે તાવ આવે તો એનો મતલબ કોરોના જ હોય ?
- દર્દીને તાવ આવે તો કેવી રીતે ખબર પડે? કે કોરોના સિવાય પણ બીજા રોગ હોઈ શકે?

કોરોના લગભગ સમાપ્ત થઈ જવાની તૈયારીમાં છે. ત્યારે તમે દુઃખી છો... ડાહ્યાભાઈ અકડાઈને બોલ્યા, ગાંડાલાલ તમે કહો છો એમ કોરોના સમાપ્તી તરફ જઈ રહ્યા છે એ સારું છે પણ એવું લાગતું નથી. ભારતમાં આવેલા કોરોનાના વાયરસની રસી ભારતે ખૂબ જ ચપળતાથી બનાવી લીધી. પણ આફ્રિકાથી આવેલો વાયરસ અને લંડનથી આવેલો વાયરસ એ અઘરો છે. કદાચ આફ્રિકાથી આવેલા વાયરસ ઉપર આપણી રસી કામ નહીં કરી શકે અથવા ઓછી કરશે. અત્યારે નવા જે કોરોનાના દર્દીઓ આવે છે, તેમાં આફ્રિકાના અને લંડનના વાયરસના ચિહ્નો જોવા મળે છે.

મને ચિંતાએ વાતની છે કે જો આફ્રિકા અને લંડનથી આવેલા વાયરસ ભારતમાં ફેલાય તો પાછી ખરાબ સ્થિતિ આવી શકે એટલે જ હજુ સોશિયલ ડિસ્ટન્સીંગ અને માસ્ક વગેરે હજુ પણ અગત્યના છે. એકાદ મહિનો જો આવી જ રીતે પસાર થઈ જાય તો ભારત કોરોના સામે વિજય થઈ જશે. પણ જો બહારથી આવેલા વાયરસ પોતાના પગ પસારો ન કરી શકે તો આપણે જગ જીત્યા. અને ગાંડાલાલ અત્યારે લગ્નની સિઝન, ચૂંટણીની સિઝન અને ક્રિકેટ મેચ આ બધા તત્વો અગત્યના છે. લગ્નમાં, ચૂંટણીમાં અને ક્રિકેટમાં જો સોશિયલ ડિસ્ટન્સીંગ બરાબર સચવાય રહેશે તો લગભગ વાંધો નહીં આવે. અત્યારની ઋતુ સામાન્ય રીતે શિયાળાનો અંત અને ઉનાળાની શરુઆત બંને વચ્ચેનું મિશ્રણ છે. આવી ઋતુમાં શરદી, ઉધરસ, તાવ એ સામાન્ય છે. અને કોરોનાના સમયમાં સાદો વાયરલ ફીવર છે, મેલેરિયા છે કે કોરોના છે એને જુદો પાડવો ખુબ અઘરો છે. આવી પરિસ્થિતિમાં આપણી જવાબદારી વધી જાય છે. આપણે બધા કોઈ પણ પ્રકારના વાયરસનો ભોગ ન બનીએ એ માટે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. ગાંડાભાઈ બોલ્યા, ધ્યાન તો રાખીએ છીએ છતાં પણ જો તાવ આવે તો શું કરવાનું ? ડાહ્યાલાલે કહ્યું સારા ડૉકટરની સલાહ લેવાની, સારી લેબમાં ટેસ્ટ કરાવવાના અને જરૂર પડે તો કોરોનાનો ટેસ્ટ કરાવવો. પણ હા, જો લોકોને કોરોના થઈ ગયો છે એ લોકોએ ફરી કોરોના થઈ શકે એ પણ જીવલેણ ન હોય. કારણ કે તેમાં કોરોનાના એન્ટી બોડી હોય તેના લીધે વધારે પડતા ટેન્શનની જરૂર નથી.

પણ જો આફ્રિકાથી આવેલો વાયરસ અને જો તમને કોરોના કરે તો તકલીફ થઈ શકે. એટલે બીજા દેશમાંથી આવેલા માણસોના સંપર્કમાં ઓછા આવવાનું શક્ય હોય ત્યાં સુધી બહારથી આવેલા લોકોને ૧૪ દિવસ કોરન્ટાઈન કર્યા પછી એમની સાથે મળવાનું. હમણાં જ એવો દાખલો છે કે લંડનથી આવેલા એક કુટુંબમાં કે જેઓ લંડનમાં ટેસ્ટ કરાવીને આવ્યા હતા. ત્યાં કોરોનાનો રિપોર્ટ નેગેટિવ હતો. ભારતમાં આવ્યા પછી એમને તાવ આવ્યો. કોરોનાનો ટેસ્ટ કરાવતા કોરોના પોઝિટિવ આવ્યો એટલે ગભરાવવાની જરૂર નથી. કોઈ પણ અજાણ્યા માણસને મળતા પહેલાં ધ્યાન રાખવું.

કોઈને એવું પુછાય નહીં કે તમે બહારથી આવ્યા છો તો ટેસ્ટ કરાવીને આવ્યા છો. નેગેટિવ છે અત્યારે તમને તાવ અથવા શરદી છે કે નહીં એવું ના પૂછાય.... પણ આપણે જ આપણું ધ્યાન રાખવું પડે. આપણે જે માસ્ક વગર એની સાથે વાત કરવી નહીં ને અને સ્પર્શ પણ કરવો નહીં. દરેક તાવ એ કોરોના નથી હોતો પણ કોઈ પણ તાવ કોરોના હોઈ શકે એટલે ગાલેફ ન રહેતા... જો તકલીફ હરોય તો ડૉકટરને તરત જ બતાવી દેવું અને CBC, CRP, Urine વગેરેને ટેસ્ટ કરાવી લેવો. ટેસ્ટ નોર્મલ હોય અને તકલીફ વધારે હોય તો બીજી વખત પણ ટેસ્ટ કરાવી લેવા. ગભરાવાની જરૂર નથી. પણ આપણે આપણી જાતને સુરક્ષિત રાખવાની જરૂર છે.

# મજૂર મહાજન સંઘ - મહાત્મા અને અનસૂયાબેન : મહાત્મા ગાંધી લખે છે



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

“મારો શામળિયો માનવસ્વરૂપે મને મળ્યો અને મારા હાથમાં ૧૩૦૦૦ રૂપિયા (એકસો પાંચ વર્ષ પહેલાના તેર હજાર !) મૂકીને ચૂપચાપ તેની ગાડીમાં બેસીને ચાલી ગયો... અમદાવાદના પ્રસિધ્ધ મજૂર આંદોલન વખતે શેઠ અંબાલાલ (જેમણે આ વણમાગી અને મુંગી મદદ બાપુને કરી) સામે ટક્કર ઝીલવામાં મારી શક્તિઓની કસોટી થઈ હતી.લ્લલ્લ (“ગુજરાતના ઘડવૈયા : મકરંદ મહેતાલ્લલ્લ) દક્ષિણ આફ્રિકાથી એક આગવી પ્રતિભા રૂપે અમદાવાદમાં સ્થાયી થયેલા ગાંધી સામા પ્રવાહે તરનારા લડવૈયા હતા. કટોકટીની ક્ષણે તેમની આર્થિક મુશ્કેલી દૂર કરવામાં એક ઉદ્યોગપતિએ કરેલી મદદ એ ગુજરાતની મહાજન પરંપરાનું એક ઉજળું ઉદાહરણ છે. નરસિંહની હૂંડી સ્વીકારનાર શામળિયાની સ્મૃતિ અહીં પુનઃ પ્રગટ થાય છે. ગાંધીજી – અંબાલાલ સારાભાઈ તથા અનુસૂયાબેન સારાભાઈનો આપણાં અમદાવાદમાં સુયોગ એ એક ઐતિહાસિક ઘટના છે. મજૂરોના સંગઠનને પણ મહાજનનો મોભો અપાવનાર મહાત્મા ગાંધી તથા અનસૂયાબેન એ જીવનમાં નૂતન માર્ગો કંડારનારા મનિષીઓ હતા. ૧૯૨૦ એટલે કે એક શતાબ્દી પહેલા ફેબ્રુઆરીની ૨૫મી તારીખે અમદાવાદમાં મજૂર મહાજન સંઘની સ્થાપના થઈ તેની પાછળ અનસૂયાબેન સારાભાઈનું પ્રેરકબળ હતું તેમ બાપુ માનતા હતા અને કહેતા હતા. મજૂર મહાજન સંઘની સ્થાપના કરતા ગાંધીજીએ કહ્યું કે પૂજ્ય અનસૂયાબહેનના વિચારોમાંથી આ સંસ્થાનો જન્મ થયો છે. (માતૃદર્શનઃ મુકુલ કલાર્થી) મજૂરોના ગૌરવની આ પ્રાણપ્રતિષ્ઠા હતી. આ પ્રાણપ્રતિષ્ઠા કરનાર અનસૂયાબેન એક સમૃધ્ધ મિલમાલીકના કુટુંબના સભ્ય હતા તે નોંધપાત્ર છે.

મજૂરો તથા માલિકો વચ્ચેના આ સહજ સુમેળ પાછળ કોઈ એક વર્ગ પ્રત્યે દ્વેષ ન હતો. ઉત્પાદન પ્રક્રિયામાં મજૂરનો નક્કર હિસ્સો છે. આ હિસ્સાની ગણના તેમજ આદર માલિકો કરતા થાય તે વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. આ ગાંધીનો માર્ગ હતો. અનસૂયાબેને તેને ભૂમિગત કરવા હામ ભીડી હતી. ઈ.સ.૧૯૧૮ની એ લડત અને તાજેતરમાંજ કોવીડ-૧૯ પછી આપણાં દેશમાં થયેલી મજૂરોની સામુહિક હિજરતની વાત સરખાવવા જેવી છે. કોવીડ-૧૯ના સમયમાં હજારો – લાખોની સંખ્યામાં મજૂરો પોતાના જીવના જોખમે ચાલી નીકળ્યા. એક વણઝાર વહેતી થઈ. તેને દોરનાર કે તેને રોકનાર કોઈ ન હતું. વાતાવરણમાં અવિશ્વાસ તેમજ અનિશ્ચિતતા હતા. કાયદાના નિયંત્રણો હમેશની જેમ ઓછા અસરકારક સાબીત થયા. ગાંધી કે અનસૂયાબેનની કર્મભૂમિ સમાન અમદાવાદમાં પણ આજ સ્થિતિ થવા પામી. મજૂરો સમક્ષ વિકટ આર્થિક પ્રશ્નો તો હતાજ. પરંતુ જે સંવેદનશીલતાનો અનુભવ તેમને અનસૂયાબહેન કે ખંડુભાઈ દેસાઈ જેવા લોકો કરાવી શક્યા. તેનો અભાવ ૨૦૨૦માં જોવા મળ્યો. આથીજ મજૂર મહાજન સંઘની જે સ્થાપના થઈ તે ગુજરાતના ઈતિહાસનો એક ઐતિહાસિક દિવસ હતો. સંઘના સંચાલનની પ્રાથમિક જવાબદારી અનસૂયાબહેને નીભાવી. અડધી સદી સુધી તેઓ સંઘના પ્રમુખપદે રહ્યા હતા. ગાંધીજી અમદાવાદ મજૂર મહાજન સંઘને પોતાની પ્રયોગશાળા ગણાવતા હતા. આ પ્રયોગશાળાના સફળ પરિણામો અનસૂયાબેનની નિષ્ઠાને આભારી હતા.

અનસૂયાબહેનનું માતૃહદય હતું. મિલોમાં કામ કરતાં માસૂમ બાળમજૂરોને જ્યારે જૂએ ત્યારે તેમનું માતૃહદય ઘવાતું હતું. તેમણે મજૂરોના બાળકો માટે મજૂરો રહે તે વિસ્તારોમાં બાલમંદિરો તેમજ પ્રાથમિક શાળાઓ સ્થાપી તેમજ ચલાવી. બાળપણમાં અનસૂયાબહેને પોતાના નાના ભાઈ બહેનની કાળજી રાખી હતી તેવોજ તેમનો સ્નેહ મજૂરોના બાળકો સુધી વિસ્તર્યો હતો. અનસૂયાબહેને પોતે તો નાની ઉમ્મરમાંજ માતાપિતાની હૂંફ ગુમાવી હતી. પરંતુ તેમણે મજૂરોના અનેક બાળકોને માતાપિતાનો સ્નેહ પૂરો પાડ્યો હતો. મજૂરોના ગંદા –ગોબરા બાળકો હોય તો પણ તેમનું તેમના તરફનું વર્તન સ્નેહ મીશ્રિતજ રહેતું હતું. સામી બાજુ શ્રમિકોએ પણ ગાંધીજી તથા અનસૂયાબેનમાં સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો.

મજૂરોને પૂરતું વળતર આપવામાં આવે તેમજ મિલોમાં તેમના કામના કલાકો ઘટાડવામાં આવે તે માટે તેમણે અથાક પરિશ્રમ કર્યો. દેશના અન્ય ભાગોના મજૂરોની સ્થિતિની સરખામણીએ ગુજરાતના મજૂરોની કામની શરતો વિશેષ અનુકૂળ રહેવા પામી હતી. ગુજરાતની મહાજન પરંપરાની ઉદારતા પણ આ માટે એક મહત્વનું કારણ હતું.

ગાંધીજી આફ્રિકાથી આવ્યા પછી શરૂઆતના બે ત્રણ વર્ષોમાં જે મહત્વની લડતો તેમણે ચલાવી તેમાં ઈ.સ. ૧૯૧૮ની અમદાવાદની મજૂરોની લડત નોંધપાત્ર હતી. આ લડતને મહાદેવભાઈ દેસાઈએ ‘ધર્મયુધ્ધ’ કહ્યું હતું. લડતનું પરિણામ પણ એક સુખદ સમાધાનના સ્વરૂપે આવ્યું. ગાંધીજી ઉપરાંત આ લડત સફળ થઈ તેના કારણોમાં અનસૂયાબહેન અને અંબાલાલભાઈનું મહત્વનું યોગદાન હતું. આ બન્ને ભાઈ-બહેનની જોડીએ કડવાશ લાવ્યા સિવાય પોતાનું કાર્ય કર્યું હતું. આ લડત ચલાવવા પાછળ મજૂરોની વાતમાં તથ્ય હતું. ૧૯૧૭ની સાલમાં અમદાવાદમાં પ્લેગની બીમારી ભયજનક રીતે ફેલાઈ હતી. આથીજો મજૂરો રોગના ભયથી અમદાવાદ છોડીને ચાલ્યા જાય તો મિલોનું કામ બંધ થાય. લગભગ કોવીડ-૧૯ પછી દેશમાં અને ગુજરાતમાં ૨૦૨૦માં થયેલી સ્થિતિને સમાન કહી શકાય તેવી આ સ્થિતિ હતી. મિલમાલિકોએ તે સમયે મજૂરો કામ છોડી ન જાય તે માટે બોનસ આપવાની વાત સ્વીકારી. પરંતુ મિલમાલિકોએ જે મજૂરો શહેરનાજ હોય અને શહેર છોડીને ન જવાના હોય તેમને વધારાનું બોનસ ન આપીને તેમની લાચારીનો લાભ લેવાનો પ્રયાસ કર્યો. આથી આ મજૂરોની આર્થિક સ્થિતિ કફોડી થવા પામી હતી. તેથીજ મજૂરોના આ વાજબી પ્રશ્નને હાથમાં લઈ અનસૂયાબહેને ગાંધીજીના માર્ગદર્શન પ્રમાણે લડત ચલાવી. મિલમાલિકોના મંડળના પ્રમુખ પોતાના નાનાભાઈ શેઠ અંબાલાલ હતા તેમ છતાં આ લડતની તેમજ ભાઈ બહેનના અંગત સંબંધોની એક ગરીમા જળવાઈ રહી. શેઠ અંબાલાલભાઈને પોતાના મોટાબહેનની મક્કમતા અને સત્યનિષ્ઠામાં પૂર્ણ વિશ્વાસ હતો. આથી તેમની વચ્ચેના મતભેદ કોઈ કડવાશમાં પરિણમ્યા નહિ. મજૂરોને ન્યાય પણ મળ્યો. માત્ર આપણાં દેશનાજ નહિ, પરંતુ દુનિયાની મજૂર ચળવળોની લડતમાં અનસૂયાબહેને કરેલી કામગીરી ગૌરવભેર નોંધી શકાય તેવી છે.

# સ્વેચ્છાએ અંકુશ સ્વીકારવામાં સમાજનો અભ્યુદય

## ગાંધીજી અને લોકશાહીને સમજાવતા પુ.ગ. માવળંકર



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

સાચી લોકશાહીના પાયામાં આધ્યાત્મિકતા અનિવાર્ય પણે રહેલી છે, એ તત્વને ગાંધીજીએ નિષ્ઠાપૂર્વક ઝીલ્યું અને પ્રજા આંદોલનમાં તેને વ્યવસ્થિત રીતે ઘૂંટ્યું પણ ખરું. પુરુષોત્તમ ગણેશ માવળંકર ‘લોકશાહી, જાહેર જીવન, સામાન્ય ચૂંટણી’ (સન્નિષ્ઠ પ્રકાશન,૧૯૮૪) પુસ્તકમાં ગાંધીજી અને લોકશાહી વિષયક લેખમાં લોકશાહી સંદર્ભે ગાંધીના વિચારો રજૂ કરે છે. એમાં આ વાત તેમણે દર્શાવી છે.

પુ.ગ. માવળંકર ગાંધીજીની લોકશાહી સંબંધેની સમજણ વધુ કેળવાય એવા પ્રયાસોના ભાગરૂપે તેઓ લખે છે, ગાંધીજીએ ભારતીય પ્રજાજીવનમાં તે તત્ત્વ ઊંડુ ઊતરે એ માટે અહર્નિશ પ્રયાસો કર્યા. ગણ્યાગાંઠયા કે બહુસંખ્ય નહિ પણ સર્વ લોકોના કલ્યાણ માટે ગાંધીજીનો આગ્રહ સંપૂર્ણ તથા શુદ્ધ લોકશાહી સાથે સુસંગત છે. સર્વનું કલ્યાણ કરવા મથતી વ્યક્તિઓ પોતે સત્તાધારી હોય તે સત્તાને સાધનમાત્ર જ ગણે, અને નિઃસ્વાર્થ વૃત્તિથી તથા ફળની અપેક્ષા રાખ્યા વિના પોતાનું સમાજકાર્ય કર્યું જાય એ બહુ જરૂરી હોવાનું ગાંધીજીએ શીખવ્યું. દરેક વ્યકિતનું સ્વાતંત્ર્ય સચવાય અને સાથે સાથે સમગ્ર સમાજની ઉન્નતિ સધાય એ રીતે આચાર-વિચાર રાખવાની હિમાયત મહાત્માજીએ કરી. લોકશાહીના હાર્દમાં આનાથી જુદું કે વિશેષ શું હોઈ શકે ?

લોકશિક્ષણ અને લોકશકિતની કિંમત લોકશાહીમાં ઘણી મોટી હોય તે સ્વાભાવિક છે. લોકો સમજે, વિચારે, સમાજિક ખ્યાલથી વર્તે તો લોકશાહીને વિકાસ વણથંભ્યો ચાલે. એ માટે લોકોને કેળવણી આપવી જોઈએ. તેમને માત્ર લખતાં-વાંચતાં આવડે એટલું પૂરતું નથ. લોકશાહી નાગરિકતાની તાલીમ એમને મળવી જોઈએ. વળી, દરેક નાની મોટી બાબતમાં સરકાર પર અવલંબવાની આદત પ્રજાને પડવી ન જોઈએ.

સ્વૈચ્છિક સામાજિક સેવાઓનું મૂલ્ય લોકશાહીમાં ઘણું છે. પ્રજાના પ્રતિનિધિઓ જે તે તંત્ર કે સરકારમાં રહીને અનેક પ્રજાકીય કલ્યાણકાર્યો અવશ્ય કરતા રહે, પણ સાથે સાથે પ્રજા પોતે સમાજકાર્યો માટે સભાન, ઉત્સુક અને પ્રવૃત્તિશીલ રહે તો લોકશક્તિ વધે. સરકારનાં કાર્યો લોકસંમતિથી ચાલે અને પ્રજાનાં કાર્યો આત્મશકિતથી ચાલે - બનેનો સુમેળ અને સપ્રમાણ યોગ થતાં લોકશાહી સરસ ખીલેવા માંડે છે. ગાંધીજીએ આ વાત પણ હમેશાં આપણા સહુની નજર સમક્ષ મૂકી.

ગાંધીજી આજન્મ લોકશાહીના પુરસ્કર્તા અને પ્રચારક રહ્યા. એનું ખાસ કારણ એ કે તેઓ પોતે જન્મત, સ્વભાવનઃ અને તત્ત્વતઃ લોકશાહીવાદી હતા. તેમના જીવનમાં ત્રણ બાબતો આબાદ રીતે વણાઈ ગઈ હતી : વ્યકિતસ્વાતંત્ર્ય, સામાજિક પ્રગતિ અને મધ્યમમાર્ગ વ્યવહાર. એક તરફ લગભગ આખો જનસમુદાય હોય અને બીજી તરફ એકલી અટુલી વ્યકિત હોય તો પણ તેવી વ્યકિતને “એકલો જાને રે‘ની હાક પ્રમાણે ચાલવાનો હક છે એમ ગાંધીજીએ સ્વીકાર્યું હતું. બધાના કે ઘણોના અભિપ્રાય સાથે સહમત ન થવાય તે વ્યકિતએ પોતાને જુદો કે વિરોધી અભિપ્રાય નમ્રતાથી પણ નિર્ભયતાથી વ્યક્ત કરવો જ રહ્યો એમ સમજાવે છે.

નિર્ભયતાથી વ્યકત કરવો જ રહ્યો. એવું કરતી વખતે વ્યકિતની નજર સમક્ષ સત્યની શોધને જ આદર્શ હોવો જોઈએ, અને એવી ખોજ માટે એણે પ્રેમ તથા અહિંસાના માર્ગો અને સાધને જ અપનાવવા જોઈએ. એ માટે સત્યાગ્રહ કરવો પડે તો તે અવશ્ય કરવો, પણ તે સવિનય અને શુદ્ધ હેતુવાળો હોવો જોઈએ. વળી, બધા કાયદાકાનૂનો - રાજ્યના અને દૈવી - પાળવાને તે સામાન્યતઃ ઉત્સુક અને તૈયાર હોવો જોઈએ. પોતાના મત માટેના કોઈ મમતથી એ પીડાય નહિ તેમ આગ્રહીમાંથી એ જક્કી બને નહીં. મૂળ સિદ્ધાને એ નિઃશંક વરેલો રહે, પણ ખરેખર જેને મૂળભૂત સિદ્ધાંતે કહી શકાય તેવા કેટલા? એ તે જૂજ જ હોય. ગાંધીજી તે માનતા કે સત્ય, અહિંસા અને પ્રેમ એ ત્રણ મૂલ્યોમાં બીજાં બધાં સમાઈ જાય છે - ને એમાં આંચ આવતી ન હોય ત્યાં દરેક વ્યકિતએ બાંધછોડ કરવા તૈયાર રહેવું જોઈએ. આપ-લેની ભાવને । વિના જીવન શુષ્ક ને નિષ્ફળ બને, તે પછી લોકશાહી જીવન પણ એવી સમાધાનપ્રિયતા વિના કેવી રીતે સુંદર કે સફળ સંભવી શકે? ગાંધીજીએ એ પણ સ્વીકાર્યું કે વ્યકિતગત ઈચ્છાનું અને એકંદર સમાજનું નિયમન આવશ્યક છે. વ્યકિતસ્વાતંત્ર્યની વિભાવનાનો અતિરેક ન થઈ શકે. દિલહીમાં ૧૯૪૮ની સાલમાં ગાંધીજીએ કહ્યું હતું તેમ, “સમાજની ઈચ્છા અથવા સ કલ્પનો અમલ રાજ્ય કરે છે, કેમ કે રાજયને વહીવટ પ્રજા જ પોતાના હિતને ખાતર કરે છે.” ૧૯૩૯ની સાલમાં “હરિજનબંધુ‘માં ગાંધીજીએ લખ્યું કે, “આપણે વ્યકિતસ્વાતંત્ર્ય અને સામાજિક અંકુશ વચ્ચે મધ્યમ માર્ગ કાઢતાં યાખ્ખી છીએ. સામાજિક અંકુશને આખા સમાજના કલ્યાણના હિતની દષ્ટિએ સ્વેચ્છાપૂર્વક સ્વીકારવામાં જ વ્યક્તિને તેમ જ સમાજના અભ્યુદય રહેલો છે.”